## સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.
## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

ગ્રાઉન્ડ ફ્લોર (એક્ઝીબીશન હોલ) , રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯,
ફોન નં.૦૭૯ ૨૬૫૮૦૪૩૦ E-Mail:- office@srfdcl.com

# ટેન્ડર નોટીસ

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ દિશાએ બાયોડાયવર્સીટી પાર્ક તથા રીવર એરપોર્ટની પાસે આંબેડકરબ્રીજની નીચે ચાર ફુડકોર્ટ/કીઓસ્ક તૈયાર કરવામાં આવેલ છે. આ જગ્યા ભાડેથી મેળવી બીઝનેસ કરવા અંગેની એક સુવર્ણ તક છે. આ અંગેનું ટેન્ડર ડોક્યુમેન્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઈટ www.ahmedabadcity.gov.in and www.sabarmatiriverfront.com પરથી ડાઉનલોડ કરી શકાશે. તેમા સંપૂર્ણ માહીતી ભરીને ટેન્ડર સબમીટ કરવાની છેલ્લી તા.૨૪.૧૧.૨૦૨૦, ૧૭.૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે.

**એકઝીકયુટીવ ડીરેકટર**
**સા.રી.ફ.ડે.કો.લી.**

આ ફોર્મ ભરી નીચેના સ્થળે તથા સમયે જમા કરવું.

સ્થાન : ગ્રાઉન્ડ ફલોર (એક્ઝીબીશન હોલ) , રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯,

તા.૨૪.૧૧.૨૦૨૦ સમય સાંજે ૫.૦૦ કલાક સુધીમાં જ

ફોન નં.૦૭૯ ૨૬૫૮૦૪૩૦ E-Mail:- office@srfdcl.com

**ટેન્ડર ફોર્મ (આંબેડકર બ્રીજ નીચે બનાવેલ ફૂડકોર્ટ/ કીઓસ્ક માટે)**

## ૧.અરજદારની વિગત

અરજદાર/સંસ્થાનું પુરુ નામ :

(જો ભાગીદારીમાં અરજી કરવામાં આવે તો દરેક ભાગીદારોની વિગતો સાથે જોડવાની રહેશે)

| અટક | નામ | પિતા/પતિનું નામ |
|---|---|---|
| | | |

| | | | |
|---|---|---|---|
| મોબાઇલ નં. | | ઇ-મેઇલ: | |
| ફોન નં.(ઘર) | | લેન્ડલાઇન નંબર(ઓફીસ): | |

હાલનું સરનામું: કાયમી સરનામું:

## ૨. અરજદારનું નિવેદન :-

હું / અમે નામ :........... ........... ........... ........... ........... હોદો ........... ........... ........... જણાવીએ છીએ કે, અમો આંબેડકર બ્રીજની નીચે આવેલ પાકા બાંધકામવાળી ફુડકોર્ટ/કીઓસ્ક ભાડાપટ્ટે મેળવવામાં રસ ધરાવીએ છીએ.આ માટેના તમામ કામો માટે અમારી ગેરહાજરી વખતે અમારા નીચે જણાવેલ અધિકૃત પ્રતિનિધિ / ભાગીદાર બંધારણીય રીતે હાજર રહી કાર્યવાહીમાં ભાગ લઇ શકે તે માટે અધિકૃત કરીએ છીએ.તેઓએ ટેન્ડર ખોલતી વખતે અને હરાજી વખતે અને જયારે પણ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી. જણાવે ત્યારે પોતાની ઓળખની સાબિતી આપતા મૂળ પુરાવા (Original ID Proof) રજૂ કરવાના રહેશે.

## ૩.અધિકૃત પ્રતિનિધિની વિગતો

| | | | |
|---|---|---|---|
| નામ | | | |
| સરનામું | | | |
| મોબાઇલ નં | | ઇ-મેઇલ | |

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

**(નોંધ : ટેન્ડરના કવર નં. ૨ માં આ પાનાની વિગતો ભરીને મુકવું)**

૪. હું એ જાણુ છું / અમે એ જાણીએ છીએ કે લઘુત્તમ માસિક ભાડાની રકમ કે તેના કરતાં નીચેની રકમથી ભરેલ ટેન્ડર આપોઆપ રદ બાતલ થયેલું ગણાશે તેની મને / અમોને સ્પષ્ટતા હોય હું /અમો ફુડકોર્ટ/કીઓસ્ક માટે નીચે મુજબની ઓફર આપું છું / આપીએ છીએ.

| **લોકેશનની વિગત** | **ફુડકોટ/કીઓસ્ક નં.** | **લઘુત્તમ માસિક ભાડાની રકમ(રૂા.માં)** | **ફુડકોર્ટ માટે માસિક ભાડાની રકમની ઓફર(રૂા.)** | |
|---|---|---|---|---|
| | | | **અંકોમાં** | **શબ્દોમાં** |
| નદીની પશ્ચિમ દિશાએ આંબેડકર બ્રીજની નીચે બનાવવામાં આવેલ ફુડકોર્ટ/કીઓસ્ક | | ૧૮,૫૦૦/-<br>(અંકે રૂપિયા અઢાર હજાર પાંચસો પુરા) | | |

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

૫. બાયોડાયવર્સીટી પાર્કની પાસે આંબેડકરબ્રીજની નીચે આવેલ ફુડકોર્ટ/કીઓસ્ક અંગેની વિગતો

| અ.નં. | ફુડકોર્ટ/કીઓસ્ક નં. | એરીયા (ચો.મી.માં) |
|---|---|---|
| ૧ | ૧ | ૧૬.૬૮ |
| ૨ | ૨ | ૧૬.૬૮ |
| ૩ | ૩ | ૧૬.૬૮ |
| ૪ | ૪ | ૧૬.૬૮ |

૬. આ ફુડકોર્ટ/કીઓસ્ક માં ડ્રેનેજ તથા લાઇટની સુવિધા આપવામાં આવેલ છે.

૭. હું / અમે આંબેડકર બ્રીજની નીચે આવેલ **ફુડકોર્ટ/કીઓસ્ક ભાડેથી મેળવવા માટે** ટેન્ડર ફોર્મ ફી રૂા.૧,૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પૂરા)(Non Refundable) તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) તરીકે રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) ડિમાન્ડ ડ્રાફટથી જમા કરાવી રહયા છીએ તેની વિગતો નીચે મુજબ છે.

| **નાણાની વિગત** | **ડિમાન્ડ ડ્રાફટ ની વિગત** | | | | | |
|---|---|---|---|---|---|---|
| | **નંબર** | **તારીખ** | **બેંકનું નામ** | **શાખા** | **રકમ અંકમાં (રૂ.)** | **રકમ શબ્દોમાં (રૂ.)** |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) | | | | | | |
| ટેન્ડર ફોર્મ ફી | | | | | | |

**(નોંધ: RTGS/NEFT થી નાણાં જમા કરાવી શકાશે નહી. )**

૮. મે/અમોએ ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવશે તો, સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ. દ્વારા જાણ કરવામાં આવ્યેથી હું/અમે ત્રણ માસના ભાડા જેટલી રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે અને એક માસનું એડવાન્સ ભાડુ તથા મેન્ટેનન્સ ,લાગુ પડતા કર સાથે દિન-૧૫(પંદર)માં ડિમાન્ડ ડ્રાફટથી ટ્રાન્સફર કરાવીને જમા કરાવવા બંધાયેલ છીએ. ત્યારબાદ જ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની સક્ષમ સત્તા દ્વારા મને/અમોને એલ.ઓ.એ. આપવામાં આવશે તે અમો જણાવીએ છીએ.

૯. જો હું/અમોએ આપેલ કોઇપણ ઓફર સ્વીકારવી કે નહી તે અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ.નો નિર્ણય આખરી ગણાશે .

૧૦. અમારી ઓફર સ્વીકારવામાં આવશે નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) રકમ દિન-૬૦(સાઠ)માં વગર વ્યાજે મને/અમોને મળશે અને જો હું/અમોએ આપેલ ઓફર સ્વીકારવામાં આવશે તો, ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ, સીકયોરીટી ડીપોઝીટની રકમમાં મજરે આપવામાં આવશે.

૧૧. મારી/અમારી ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવે અને હું/અમે ઓફર મુજબની તથા અન્ય જે ડીપોઝીટ/રકમ નિયત સમયમર્યાદામાં ભરપાઇ કરી શકીએ નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) સહિતની ઉક્ત તમામ ભરેલી રકમ સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ.ની સક્ષમ સત્તા દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૨. ફુડકોર્ટ/કીઓસ્કના ભાડાપટ્ટે બાબતે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જે નિર્ણય અને શરતો નક્કી થશે તે માટે હું/અમે બંધાયેલા છીએ.

૧૩. આથી હું/અમે જાહેર કરીએ છીએ કે ઉપર જણાવ્યા મુજબની માહિતી સંપૂર્ણ સાચી અને ખરી છે અને આકસ્મિક રીતે અથવા કોઇ અન્ય રીતે માહિતી રજૂ કરવામાં ખામી રહી ગઇ હોય અથવા અધુરી વિગત માલૂમ પડે તો સ્વીકારેલ ઓફર/ભાડાપટ્ટે ફાળવણી કરેલ ફુડકોર્ટ/કીઓસ્ક રદ કરવા / પરત લેવા માટે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા જે નિર્ણય લેશે તે મને/અમોને બંધનકર્તા રહેશે.

૧૪. હું/અમો અહી જાહેર કરીએ છીએ કે મે/અમોએ સૂચિત ભાડાપટ્ટે ફાળવવાની થતી ફુડકોર્ટ/કીઓસ્ક અંગેના નિયમો વાંચ્યા અને સમજ્યા છે. સદર ફુડકોર્ટ/કીઓસ્ક ની જાહેરાત મુજબની તમામ વિગતોનો અભ્યાસ કરેલ છે. મે/અમોએ ઉપરોક્ત પૈકી ૧ થી ૩ વાળી રજૂ કરેલ વિગતો સંપૂર્ણ સત્ય છે. હું/અમો ઉપરોક્ત ૪ મુજબની ઓફર આપીએ છીએ, ઉપરોક્ત ૭ મુજબ અર્નેસ્ટ મની ડીપોઝીટ તથા ટેન્ડર ફી ફોર્મ ફીના નાણાં જમા કરાવી રહયા છીએ અને ઉપરોક્ત પૈકી ૮ થી ૧૩ સુપેરે વાંચીને સમજેલ છે અને અમોને તે સ્વીકાર્ય હોઇ તે પ્રમાણે વર્તવા બંધાયેલા છીએ, જે અમો સોગંદપૂર્વક જાહેર કરીએ છીએ.

| **અરજદારનું પુરૂ નામ** | **સહી અને તારીખ** | **સંસ્થાનો/હોદ્દાનો સિક્કો** |
|---|---|---|
| | | |

**નદીની પશ્ચિમ દિશાએ આંબેડકર બ્રીજની નીચે બનાવવામાં આવેલ ફુડકોર્ટ/કીઓસ્ક ભાડેથી આપવા માટેની માહિતી તથા શરતો**

સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ. દ્વારા નદીની **પશ્ચિમ દિશાએ આંબેડકર બ્રીજની નીચે બનાવવામાં આવેલ ફુડકોર્ટ/કીઓસ્ક** ત્રણ **વર્ષના** ભાડાપટ્ટાથી નીચેની શરતોએ આપવાની છે.

૧. **જાહેરાતમાં જણાવેલ ફુડકોર્ટ (૩) ત્રણ વર્ષની મુદત પૂર્ણ થયા બાદ સક્ષમ સત્તા દ્વારા બીજા ત્રણ વર્ષ નિર્ણય થયેથી ભાડાપટ્ટેથી લેવા માટે રસ ધરાવનાર વ્યક્તિ/સંસ્થાએ સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ. ની વેબ સાઈટ www.sabarmatiriverfront.com અને www.ahmedabadcity.gov.in પરથી ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.**

૨. ભરેલ ટેન્ડર ફોર્મ મોટા સીલ બંધ કવરમાં તા.૨૪.૧૧.૨૦૨૦ ના રોજ ૧૭:૦૦ કલાક સુધીમાં ગ્રાઉન્ડ ફલોર (એક્ઝીબીશન હોલ) , રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯, ખાતે જમા કરાવવાના રહેશે.

૩. ટેન્ડરમાં ભાગ લેનાર વ્યકિતની ઉમર ૧૮ વર્ષથી ઉપર હોવી જોઇએ.

૪. ટેન્ડર તા.૨૫.૧૧.૨૦૨૦ ના રોજ ૧૧:૦૦ કલાકે ગ્રાઉન્ડ ફલોર (એક્ઝીબીશન હોલ) , રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯, હાજર રહેલ ઓફરર્સની સમક્ષ ખોલવામાં આવશે.

૫. ટેન્ડરમાં ભાગ લેનારે ફુડકોટ/કીઓર્સ્ક ભાડેથી મેળવવા રૂા.૧,૫૦૦/- ટેન્ડર ફી અને રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા)નો અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડના નામનો ડીમાન્ડ ડ્રાફટ પેયેબલ : અમદાવાદ બનાવી જમા કરાવવાનો રહેશે.

૬. ટેન્ડર ફોર્મ સીલ બંધ મોટા કવરમાં જમા કરાવવા તેના પર વ્યકિત/સંસ્થાનું નામ, સરનામું લખવા. આ મોટા કવરની અંદર કવર નં. ૧ અને કવર નં. ૨ મુકવાના રહેશે.

**એ. કવર નં. (૧) ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) અને ટેન્ડર ડોકયુમેન્ટ**

આ કવરની ઉપર "**ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) અને ટેન્ડર ડોકયુમેન્ટ**" એમ સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. ટેન્ડર ડોકયુમેન્ટના પાના નં. ૨ સિવાયના તમામ પાનાઓમાં જયાં પણ જરૂરી વિગતો ભરવાની છે તે વિગતો ભરી દરેક પાના પર ટેન્ડર ભરનારે સહી સીકકા કરી મુકવા. ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD)ના ડીમાન્ડ ડ્રાફટ આ કવરમાં મુકવાના રહેશે.

**બી. કવર નં.(૨):- પ્રાઇસ બીડ**

આ કવર ઉપર ઓફરરે " પ્રાઇસ બીડ અંગેનું કવર" તેમ સ્પષ્ટ રીતે લખી સીલ કરવાનું રહેશે. ટેન્ડર ભરનારે ટેન્ડર ડોકયુમેન્ટનું પાના નં. ૨ (પ્રાઇસ બીડ) સહી સીકકા કરી કવરમાં મુકવાનું રહેશે.

૭. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) વિનાનું કે અધુરી વિગતોવાળું ટેન્ડર રદબાતલ ગણાશે.

૮. ભાડાપટ્ટાની ત્રણ વર્ષની મુદ્દત પૂર્ણ થયા બાદ સક્ષમ સત્તા દ્વારા નિર્ણય થયેથી મુદ્દત વધુમાં વધુ બીજા ત્રણ વર્ષ વધારવામાં આવશે. જેમાં ફુડકોર્ટ/કીઓસ્ક ભાડેથી રાખનાર વ્યકિત/સંસ્થાએ દર વર્ષે મુદ્દત વધારવા માટે અરજી

કરવાની રહેશે. એટલેકે ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ ચોથા, પાંચમા તથા છઠ્ઠા વર્ષ માટે અરજી કરવાની રહેશે. અરજદારની અરજી માન્ય રાખવી કે નહી તે અંગેની સત્તા સા.રી.ફ્ર.ડે.કો.લી.ની રહેશે.

૯. ઓફરદારે અરજી ફોર્મ સાથે જ્યાં જ્યાં ડીમાન્ડ ડ્રાફટનો ઉલ્લેખ છે તે તમામ ડીમાન્ડ ડ્રાફટ સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ.ના નામનો રજૂ કરવાનો રહેશે અન્યથા ટેન્ડર આપોઆપ રદ થયેલ ગણાશે.

૧૦. ટેન્ડર ભરનારે સાઇટ, લોકેશન, યુટીલીટી, કન્ડીશન વિગેરેની જાત તપાસ કરી પોતાની જાતને અવગત કરી લેવાની રહેશે. આવી કોઇ પણ બાબતમાં કોઇ પણ ઓફરર્સનું કોઇ પણ પ્રકારનું ઓબ્જેકશન માન્ય રાખવામાં આવશે નહી.

૧૧. સામેલ સ્કેચ મુજબ ફુડકોર્ટ/કીઓસ્કની આગળની તથા બાજુની ૧૨ ફુટ જગ્યા (એનેક્ષર - એ માં દર્શાવ્યા મુજબ) જે તે ફુડકોર્ટ/કીઓસ્ક ભાડે રાખનાર વ્યકિત/સંસ્થા ગ્રાહકોને બેસવા માટે હંગામી રીતે ટેબલ ખુરશી મુકવા વાપરી શકશે પરંતુ તે સિવાયની અન્ય ખુલ્લી જગ્યા કે આ ૧૨ ફુટ જગ્યામાં અન્ય કોઇ વેચાણપાત્ર સામાન મુકી શકાશે નહી કે અન્ય કોઇ પણ પ્રકારનો ઉપયોગ કરી શકાશે નહી.

૧૨. જેની ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેવા ઓફરદારને સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ. દ્વારા કોઈપણ કારણસર ફુડકોર્ટની જગ્યા ભાડાપટ્ટે આપી શકાય તેમ ના હોય તેવા સંજોગો ઉદ્ભવે ત્યારે સિક્યોરીટી ડીપોઝીટની રકમ વિના વ્યાજે પરત કરવામાં આવશે.

૧૩. ટેન્ડરમાં સામેલ સ્કેચ મુજબ ફુડકોર્ટ/કીઓસ્કની આગળની તથા બાજુની ૧૨ ફુટ જગ્યા (એનેક્ષર - એ માં દર્શાવ્યા મુજબ) જે તે ફુડકોર્ટ/કીઓસ્ક ભાડે રાખનાર વ્યકિત/સંસ્થા ગ્રાહકોને બેસવા માટે હંગામી રીતે ટેબલ ખુરશી મુકવા વાપરી શકશે પરંતુ તે સિવાયની અન્ય ખુલ્લી જગ્યા કે આ ૧૨ ફુટ જગ્યામાં અન્ય કોઇ વેચાણપાત્ર સામાન મુકી શકાશે નહી કે અન્ય કોઇ પણ પ્રકારનો ઉપયોગ કરી શકાશે નહી.

૧૪. સા.રી.ફ્ર.ડે.કો.લી.નકશામાં (એનેક્ષર - એ)હેચથી દર્શાવેલ જગ્યામાં ફેબ્રીકેટેડ ફુડ આઉટલેટ મુકવા માટે ભવિષ્યમાં ટેન્ડર બહાર પાડી આ જગ્યા પણ ભાડેથી આપી શકશે અથવા/અને અન્ય કોઇ ઉપયોગ કરી શકશે. તે સમયે હાલના સકસેસફુલ બીડર વાંધો ઉઠાવી શકશે નહી.

૧૫. જે વ્યકિત/સંસ્થાને ટેન્ડર મળે તેને ફુડકોર્ટ/કીઓસ્ક ઓપરેશનલાઇઝ કરવા માટે એલ.ઓ.એ. આપ્યા તારીખથી ૧ માસનો મોરેટોરીઅમ પીરીયડ આપવામાં આવશે. જો એક માસનો પીરીયડ પત્યા અગાઉ ફુડકોર્ટ/ કીઓસ્ક ઓપરેશનલાઇઝ કરવામાં આવશે તો તે તારીખથી ભાડુ શરુ ગણવામાં આવશે અન્યથા એક માસનો મોરેટોરીઅમ પીરીયડ પૂર્ણ થયા બાદ ભાડુ શરુ ગણવામાં આવશે.

૧૬. ફુડકોર્ટ/કીઓસ્ક ભાડે લેનાર વ્યક્તિએ/સંસ્થાએ હયાત સ્થળસ્થિતિમાં સા.રી.ફ્ર.ડે.કો.લી.ની લેખિત મંજુરી વિના કોઈપણ પ્રકારનો હંગામી કે કાયમી ફેરફાર કરી શકાશે નહી.

૧૭. ફુડકોર્ટ/કીઓસ્ક ભાડાપટ્ટેથી રાખનાર વ્યકિતએ ડસ્ટબીનની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશ, ફુડકોર્ટની આજુબાજુ નિયમીત સફાઇ કરવાની રહેશે, અગ્નિશામક સામગ્રીની વ્યવસ્થા સ્વખર્ચે અચુકપણે કરવાની રહેશે. ધધાં સાથે જોડાયેલ હોય તેવા જરૂરી તમામ પ્રકારના સરકારી તથા અર્ધ સરકારી લાયસન્સ/મંજુરી/એન.ઓ.સી વિગેરે સ્વખર્ચે લેવાના રહેશે તથા તમામ પ્રકારના સરકારી તથા અર્ધ સરકારી વેરા ભરવાના રહેશે.

૧૮. ફુડકોર્ટ/કીઓસ્ક ના ઉપયોગ દરમિયાન કોઇ પણ કુદરતી અથવા કૃત્રિમ કારણોસર જાનમાલનું નુકશાન થશે તો તેની જવાબદારી સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની રહેશે નહી તથા નુકશાની અંગેનો કોઇપણ દાવો ગ્રાહય રાખવામાં આવશે નહી.

૧૯. અન્ય સરકારી/અર્ધ સરકારી કચેરીઓના કાયદા હેઠળ જરુરી હોય તેવી પરવાનગી તથા લાયસન્સ લેવાના હોય તે ફુડકોર્ટ/કીઓસ્ક ભાડાપટ્ટે લેનાર વ્યક્તિ/સંસ્થા એ લેવાના રહેશે. જાહેર આરોગ્ય, સલામતિ અને વ્યવસ્થાને લગતી સંબંધિત સત્તાની શરતો અને આદેશોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૦. જે ઓફરદારનું ટેન્ડર મંજુર થાય તેણે માસિક ભાડા ઉપરાંત ભાડા પર ૧૮% પ્રમાણે જી.એસ.ટી. તથા લાગુ પડતા અન્ય કર મુજબ તથા માસિક મેન્ટેનન્સ ચાર્જ રૂ.૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પૂરા) અને તેના પર ૧૮% જી.એસ.ટી. તથા લાગુ પડતા અન્ય કર મુજબ ચુકવવાનો રહેશે.

૨૧. દર વર્ષે માસિક ભાડામાં તથા મેન્ટેનન્સ ચાર્જમાં અગાઉના વર્ષના ભાડાની એમાઉન્ટ તથા મેન્ટેનન્સ ચાર્જની એમાઉન્ટમાં ૫% નો વધારો કરવાનો રહેશે. તેમજ તે બન્ને પર લાગુ પડતા કર અલગથી ભરવાનો રહેશે.

૨૨. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવશે, તેણે ત્રણ માસના ભાડા જેટલી રકમ સીકયોરીટી ડીપોઝીટ પેટે અને એક માસનું એડવાન્સ ભાડુ તથા મેન્ટેનન્સ લાગુ પડતા કર સાથે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશ લીમીટેડમાં દિન-૧૫માં જમા કરાવવાની રહેશે. જેમાં અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ મજરે આપવામાં આવશે. નિયત સમયમાં સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરપાઇ નહી કરવામાં આવેતો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. સદર ડીપોઝીટની રકમ ભાડાપટ્ટાના સમય સુધી સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પાસે જમા રહેશે. જે ભાડાપટ્ટાનો સમય પુરો થયે તેમાંથી માસિક ભાડાના હિસાબ પેટે બાકી રહેતી રકમ તથા જગ્યામાં થયેલ નુક્શાન જો કોઇ હોય તો તે તથા અન્ય જે કોઇ લેણાં હોય તે બાદ કરી વગર વ્યાજે ત્રણ માસમાં પરત કરવામાં આવશે.

૨૩. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવે તેણે ઈલેકટ્રીસીટી ચાર્જીસ ડીપોઝીટ પેટે રૂ.૨૦,૦૦૦/- સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશ લીમીટેડમાં દિન-૧૫માં જમા કરાવવાની રહેશે. સદર ડીપોઝીટની રકમ ભાડાપટ્ટાના સમય સુધી સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પાસે જમા રહેશે. જે ભાડાપટ્ટાનો સમય પુરો થયે તેમાંથી ઈલેકટ્રીક બીલના હિસાબ પેટે બાકી રહેતી રકમ બાદ કરી વગર વ્યાજે ત્રણ માસમાં પરત કરવામાં આવશે.

૨૪. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેઓ દ્વારા ૧(એક) વર્ષ પહેલા જો ફુડકોર્ટ/કીઓસ્ક નું પઝેશન પરત કરવામાં આવશે તો તેવા કિસ્સામાં સીકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૨૫. જેઓની ઓફર સ્વીકારમાં આવશે નહી તેઓને અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ, સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ.ની સત્તા દ્વારા ટેન્ડર બાબતે અંતિમ નિર્ણય લેવાયેથી દિન-૬૦(સાઠ)માં વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૨૬. સા.રી.ફ્ર.ડે.કો.લી. દરેક મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન ભાડા પેટે અત્રેના વિભાગે જમા કરાવેલ પોસ્ટ ડેટેડ ચેક ડીપોઝીટ કરશે.આ પોસ્ટ ડેટેડ ચેક જમા ન કરવા અંગે અથવા હોલ્ડ પર રાખવા અંગેની દુકાન ભાડે રાખનાર વ્યકિત/સંસ્થા ની કોઇ અરજી ધ્યાને લેવામાં આવશે નહી. જો કોઇ પણ કારણસર ચેક બાઉન્સ થશે તો તે અંગે દુકાન ભાડેથી રાખનાર વ્યકિત/ સંસ્થા સામે કાયદાકીય પગલા લેવામાં આવશે અને સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા ફુડકોર્ટ/કીઓસ્ક ભાડાપેટે રાખનાર વ્યકિતને દિન-૧૫ (પંદર) માં નોટીસ આપી સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરી, ફુડકોર્ટ/કીઓસ્ક ખાલી કરાવી સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા કબજો પરત મેળવી લેવામાં આવશે.

૨૭. પસંદ થયેલ ઓફરરે કુલ ૩૬ (કુલ ત્રણ વર્ષના) પોસ્ટ ડેટેડ ચેક જે તે વર્ષના માસિક ભાડા તથા મેન્ટેનન્સ પેટેના (જી.એસ.ટી. અને લાગુ પડતા અન્ય કર સાથેના) એડવાન્સ જમા કરાવવાના રહેશે.

૨૮. ફુડકોર્ટ/કીઓસ્ક નો ઉપયોગ નોન વેજ ફુડ, ઈંડાની વાનગી, તંબાકુ કે તેના ઉત્પાદનો વેચવા કરી શકાશે નહી. આમ થતુ ધ્યાને આવશે તો શરતોના ભંગ બદલ ભાડાપટ્ટાનો અંત લાવવામાં આવશે અને સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૯. ફુડકોર્ટ/કીઓસ્ક ના ઓપરેશનલ અવર્સ સાબરમતી રીવરફ્રન્ટના ઓપરેશનલ શીડયુલ મુજબ રહેશે તથા પોલીસ ખાતાના વખતોવખતના અમલી નિયમો મુજબ વર્તવાનું રહેશે.

૩૦. ફુડકોર્ટ/કીઓસ્ક ભાડેથી લેનાર વ્યકિત/સંસ્થાએ થર્ડ પાર્ટી કોમ્પ્રીહેન્સીવ ઇન્સ્યોરન્સ લેવાનો રહેશે અને તેની નકલ ઓથોરીટીને આપવાની રહેશે.

૩૧. જે વ્યકિત/સંસ્થાને ટેન્ડર મળે તેણે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા વખતો વખત મળતી સૂચના તથા નિયમોનું પાલન કરવાનું રહેશે.

૩૨. ભાડાપટ્ટાના કરાર અંગેનો તમામ ખર્ચ ફુડકોર્ટ/કીઓસ્ક ભાડાપટ્ટે રાખનારે ભોગવવાનો રહેશે.

૩૩. ફુડકોર્ટ/કીઓસ્ક ભાડાપટ્ટે રાખનાર વ્યકિત દ્વારા ઉપર મુજબની શરતોનો ભંગ થતો જણાશે અથવા જાહેર સ્થળની આ ફુડકોર્ટ/કીઓસ્ક ઉપયોગ વિવાદાસ્પદ જણાશે તો સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ. દ્વારા ફુડકોર્ટ/કીઓસ્ક ભાડે રાખનાર તથા ઉપયોગ કરનાર વ્યકિતને દિન : ૧૫ (પંદર)માં નોટીસ આપી ફુડકોર્ટ/કીઓસ્ક ખાલી કરાવી કબજો પરત મેળવી લેવામાં આવશે. આ બાબતે મેનેજીંગ ડીરેકટરશ્રી, સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ. નો નિર્ણય આખરી ગણાશે.

૩૪. કોઇ પણ કાયદાના ઉલંઘન બદલ અન્ય સરકારી કે અર્ધ સરકારી સંસ્થા દ્વારા ફુડકોર્ટસ ભાડે રાખનાર કે તેના કર્મચારી વિરુદ્ધ કોઇ પણ જાતની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તો તેની જવાબદારી સા.રી.ફ્ર.ડે.કો.લી.ની રહેશે નહી.

૩૫. આ જગ્યાનો નિકાલ “ જયાં છે અને જેમ છે ” તે ધોરણે કરવામાં આવશે.

૩૬. કોઇપણ ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તે અંગેની સત્તા એકઝીકયુટીવ ડીરેકટરશ્રી, સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ.ની રહેશે.

૩૭. ઉપરોકત સિવાય અન્ય કોઇપણ બાબતો / વિવાદ અથવા અન્ય ઉપરોકત સંદર્ભોમાં અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે મેનેજીંગ ડીરેકટરશ્રી, સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનો નિર્ણય આખરી ગણાશે.

૩૮. અરજદાર વ્યકિત /સંસ્થા પાસેથી સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ જયારે પણ તેમની કાયદેસરતા / અધિકૃતતા / નોંધણી માટેના દસ્તાવેજોની માંગણી કરે ત્યારે ભાડાપટ્ટે લેનારે તે ચોકકસપણે પૂરા પાડવાના રહેશે. તેમ ન થયેથી ફાળવણી સંદર્ભે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જે કોઇ નિર્ણય લેવામાં આવે તે ફૂડકોર્ટ ભાડાપટ્ટે લેનારને બાધ્ય રહેશે.

૩૯. ટેન્ડર ખોલવાની તથા હરાજીની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન અરજદાર અથવા અરજદાર દ્વારા ટેન્ડર ફોર્મમાં પાના નં. ૧ પર મુદ્દા નં.૩ માં જણાવેલ વિગત મુજબ અધિકૃત કરવામાં આવેલ વ્યકિતએ સુવાચ્ય એવા સરકાર માન્ય ઓળખપત્ર સહિત ફરજીયાતપણે હાજર રહેવાનું રહેશે તે સિવાયની કોઇપણ વ્યકિત ટેન્ડર ખોલવાની કે હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે માન્ય ગણાશે નહી.

૪૦. જે ઓફરદારનું ટેન્ડર માન્ય રહેશે, તે જ ઓફરદાર હરાજીમાં ભાગ લઇ શકશે. હરાજીમાં અરજદાર દ્વારા અધિકૃત કરવામાં આવનાર વ્યકિત જ બોલી બોલી શકશે. જે તે ફુડકોર્ટ/કીઓસ્ક માટે ટેન્ડર ફોર્મમાં મહત્તમ મળેલ ઓફર કિંમતથી બોલી શરૂ કરવામાં આવશે. હરાજીમાં ભાગ લેનારે રૂા. ૫૦૦/- ના ગુણાંકમાં બોલી બોલવાની રહેશે. ઊંચી બોલી બોલનાર માગણીદારની હરાજી આખરી કરતી વખતે, જે તે ફુડકોર્ટની જગ્યા માટે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડને મળેલ સૌથી ઊંચી બોલીની કિંમતે સ્વીકાર કરવો કે કેમ? તે અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પોતાનો અધિકાર અબાધિત રાખે છે.

આ ઉપરાંત નીચે જણાવેલ વધારાની શરતોને આધીન હરાજી કરવામાં આવશે.

- હરાજી વખતે હરાજીમાં ભાગ લેનાર વ્યકિત કે તેમના પ્રતિનિધિ દ્વારા જો કોઇ અઘટિત વર્તન કરવામાં આવશે તો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને હરાજીમાં તેમને ભાગ લેવા દેવામાં આવશે નહી.
- હરાજી કરનાર અધિકારી કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય કોઇપણ તબક્કે ફુડકોર્ટ/કીઓસ્ક (જગ્યા)ની હરાજી ની કાર્યવાહી પાછી ખેંચી શકશે / સ્થગિત કરી શકશે.
- કોઇપણ એક કે તમામ ફુડકોર્ટ/કીઓસ્કની હરાજી માન્ય રાખવી કે અમાન્ય રાખવી, તેં સંબંધી સક્ષમ સત્તા અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

૪૧. ટેન્ડર/હરાજીમાં સફળ થનારને સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા કોઇપણ કારણોસર ફુડકોર્ટ/કીઓસ્ક ભાડાપટ્ટે આપી શકાય તેમ ના હોય તેવા સંજોગો ઉદ્ભવે ત્યારે અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ વિના વ્યાજે પરત કરવામાં આવશે.

૪૨. ટેન્ડર/હરાજીમાં સફળ થનાર વ્યકિત/સંસ્થા દ્વારા ઉપરોકત શરતો પૈકીની કોઇ પણ શરતનો ભંગ કરવામાં આવશે તો ફાળવણી રદ કરી સીકયોરીટી ડીપોઝીટના નાણાં જપ્ત કરવામાં આવશે અને તે નાણાં પરત મેળવવા માટે વ્યકિત/સંસ્થા કોઇ પણ પ્રકારના હકકદાવો/ફરિયાદ કરી શકશે નહી.

૪૩. ફુડકોર્ટ/કીઓસ્ક ભાડે રાખનારે મ્યુનિસિપલ પ્રોર્પટી ટેક્ષ, લાઇટ બીલ, પ્રોફેશનલ ટેક્ષ, પોતે ભરવાના રહેશે અને રીસીપ્ટની નકલ અત્રે જમા કરાવવાની રહેશે.

૪૪. રસ્તા પરથી આવતાં જતાં માણસોને આ જગ્યા પર ફુડકોર્ટ/કીઓસ્ક આવેલ છે તે ખબર પડે તે માટે ફુડકોર્ટ/કીઓસ્ક દીઠ એક જાહેરાતનું બોર્ડ સ્ટ્રકચરલ ચેન્જીસ કર્યા સિવાય અત્રેના વિભાગની સૂચના મુજબ મુકી શકાશે.

૪૫. એક ટેન્ડરથી માત્ર એક જ દુકાન માટે ઓફર આપી શકાશે.

૪૬. સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા વખતો વખત મળતી સૂચના તથા નિયમોનું પાલન કરવાનું રહેશે.

૪૭. આપની પાસે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ જયારે કાયદેસરતા / અધિકૃતતા / નોંધણી માટેના દસ્તાવેજોની માંગણી કરે ત્યારે ભાડાપટ્ટે લેનારે તે ચોકકસપણે પૂરા પાડવાના રહેશે. તેમ ન થયેથી ફાળવણી સંદર્ભે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જે કોઇ નિર્ણય લેવામાં આવે તે ભાડાપટ્ટે લેનારને બાધ્ય રહેશે.

૪૮. ઉપરોકત શરતો પૈકીની કોઇ પણ શરતનો ભંગ કરવામાં આવશે તો સીકયોરીટી ડીપોઝીટના નાણાં જપ્ત કરવામાં આવશે અને તે નાણાં પરત મેળવવા માટે વ્યકિત/સંસ્થા કોઇ પણ પ્રકારના હકકદાવો/ફરિયાદ કરી શકશે નહી.

૪૯. ન્યાયનું કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

ઉપરોક્ત ટેન્ડર/હરાજી અંગેની તમામ વિગતો, સામેલ શરતોથી અમો સુપેરે વિદિત છીએ. સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.ની સક્ષમ સત્તા દ્વારા લેવાયેલ નિર્ણય મને/અમોને બંધનકર્તા રહેશે જેની સામે મારા/અમારા દ્વારા કોઇપણ વાંધો, ફરિયાદ, કોર્ટ લીટીગેશન કરવામાં આવશે નહી જેની અમો નીચે સહી કરનાર બાંહેધરી આપીએ છીએ.

**તા.................** **અરજદારની સહી/અંગુઠાનું નિશાન**

**સ્થળ:......................**

<u>એનેક્ષર-એ</u>



RIVERFRONT ROAD
8.175
8.175
KIOSK-4
KIOSK-3
3.600
3.600
3.600
3.600
8.670
PIER
KIOSK-1
KIOSK-2
8.670
PAVED AREA
UNDER
BRIDGE SPAN
18.400
22.000
NOTE:
1. ALL THE DIMENSIONS ARE IN METRE